


# ROSHNI

## Reaching Out to Serve Humanity with New Initiatives

## અમારા વિષે :

PRABHAT EDUCATION FOUNDATION
AN ALTERNATIVE FOR THOSE WITH SPECIAL NEEDS

પ્રભાત એજ્યુકેશન ફાઉન્ડેશન 2003થી અમદાવાદના વંચિત વર્ગના વિશિષ્ટ જરૂરિયાત ધરાવતા બાળકો / વ્યક્તિઓ સાથે કાર્ય કરે છે અને તેમની સામે આવતા માનસિક અને શારીરિક પડકારોને દુર કરવા તેમને તૈયાર કરે છે. અહી સંસ્થા સેન્ટર, સમુદાય આધારિત પુનર્વસન અને એડવોકસી દ્વારા નેટવર્કીંગ જેવા માધ્યમોથી વિવિધ પ્રવૃતિઓ કરે છે. એક બાળકથી શરૂઆત થયેલ આ સફરમાં આજે અમદાવાદમાં વિશિષ્ટ જરૂરિયાત ધરાવતા 3000થી વધુ વ્યક્તિઓ તેમજ તેમના પરિવારો અને સમુદાય સહભાગી છે.

**October 2024** | **Issue No. 59** | **A monthly newsletter** **દિવાળી વિશેષાંક**

સ્નેહી વાચક મિત્રો, પ્રભાત એજ્યુકેશન ફાઉન્ડેશન દ્વારા સમાવેશી સમુદાય માટે થતી પ્રક્રિયાઓને અહી રજુ કરી છે. જેમાં બાળકો તથા સમુદાય સાથેના સમૃદ્ધ અનુભવનો આપ અહેસાસ કરી શકશો.

અમને આ સફરમાં સતત મળી રહેતા આપના પ્રોત્સાહન માટે આભાર...



**આવનાર વર્ષમાં સમાનતાનું બીજ મજબુત થાય, સ્નેહ અને સંવેદનશીલતાની સમજણ વિકસિત થાય**

**અને સમાવેશી સમુદાયની આ સફર આપણી વધારે મજબુત થાય એવી**

**પ્રભાત એજ્યુકેશન ફાઉન્ડેશન તરફથી આપને દિવાળી અને નવા વર્ષની અંતરમય શુભેચ્છા..**

## અકેલા હી ચલા થા જાનિબ – એ - મંઝિલ મગર લોગ સાથ આતે ગયે કારવાં બનતા ગયા ...

મજરૂહ સુલ્તાનપુરીની શાયરી પ્રભાત માટે એકદમ બંધબેસતી છે. સમાવેશી સમુદાયની પરિકલ્પનાની સફરમાં વ્યક્તિગત સ્તરે , સંસ્થાઓ અને સરકાર સાથે વિવિધ સ્તરે સતત સંવાદ અને કાર્યક્રમોને પરિણામે આજે અનેક એવી પહેલો પ્રભાતની સામે આવી છે જે ખરેખર ગર્વ અપાવે છે. હમેશની જેમ દિવાળીનો તહેવાર પ્રભાતના બાળકો માટે ‘ વિશેષ ’ હોય છે. વિવિધ ક્ષેત્રોમાંથી વ્યક્તિ, સંસ્થા દ્વારા ઉજવણી કરવામાં આવે છે. આ વખતે પણ એવી જ પ્રક્રિયા રહી પણ એમાં જરા વિશેષ ‘અભિવ્યક્તિ’ હતી.




સ્વાતી પ્રોકોન ગ્રુપ કે જે કન્સ્ટ્રકશન ક્ષેત્રે સારી ખ્યાતી ધરાવે છે, તેમની સાથે સમયાંતરે થયેલ સંવાદ અને કાર્યક્રમોને પરિણામે આજે તેમના દ્વારા કરવામાં આવેલ પહેલ ખરેખર સમાવેશી સમુદાયની પરિકલ્પનાને મજબુત કરનારી બની છે. અમદાવાદના મુખ્ય રસ્તાઓ પરનાં હોર્ડિંગ્સમાં પ્રભાતના બાળકોના નિખાલસ ફોટાઓ મુકવામાં આવ્યા. જેમાં આ બાળકોની ઉજવણીમાં આપણે ‘ કારણ’ બનીએ એવો સંદેશ એમણે વહેતો કર્યો. મુખ્યધારામાં થનારી આ પહેલ સામાન્ય લોકોના વિચાર પર હકારાત્મક અસર કરનારી બને છે. આ હોર્ડિંગ્સમાં અમદાવાદના મુખ્ય રસ્તાઓ પર દિવાની જેમ જાણે ચમકતા હોય એવું લાગતું હતું. આ પરથી લાગે છે કે, સમાવેશી સમુદાયની વિચારધારા માટે સમય ચોક્કસ લાગશે પણ શક્ય છે.



આ ઉપરાંત, બીગ બર્ગરના મિત્રોએ દિવાળી નિમિતે પ્રભાતના સેન્ટર પર તેમણે બાળકો સાથે ખુબ મસ્તી અને મજા કરી. રમતો રમી, ડાન્સ કરીને ભરપુર પેટ ભરીને મનગમતું જમાડ્યું. આ રીતે બાળકોની દિવાળીની ઉજવણી ખાસ રહી. જેની ઝલક જુઓ.

https://www.instagram.com/reel/DBxcHeOijRP/?igsh=a3loYXQ3dGp5cjhh

સ્વાતી ગ્રુપની ઓફિસ પર બાળકોને ખાસ દિવાળીની ઉજવણી નિમિતે આમંત્રિત કરવામાં આવ્યા. બાળકોને સુંદર ભેટો આપી અને વિવિધ રોમાંચક રમતો રમીને દિવાળીની ઉજવણી કરી હતી. આ રીતે સમાનતાના મૂલ્યને વધુ મજબુત કર્યું. બાળકોની મુલાકાતની નાની એવી ઝલક:

https://prabhateducationfoundation.org/happy-diwali-2024/



વ્યક્તિગત સ્તરે અનેક લોકોએ બાળકોને ભેટો, મીઠાઈઓ આપીને તહેવારની ખુશીને બમણી કરવા પ્રભાતના બાળકો સાથે ગુણવતાયુક્ત સમય પસાર કરેલ છે.





મણીનગરના કોર્પોરેટર શ્રી કરણભાઈ ભટ્ટ દ્વારા ભાઈપુરા સેન્ટરની મુલાકાત કરવામાં આવી અને બાળકોને ડ્રોઈંગ બુક અને ક્રેયોન ભેટ સ્વરૂપે આપવામાં આવેલ. તેમણે સંસ્થા ને દરેક પ્રકારે સહયોગ કરવાની વાત કરી.



*પ્રભાત પોતાની આ સફરને જુએ છે ત્યારે લાગે છે કે બાળકોને 'બિચારા' અને દયાની નજરથી જોનારો વર્ગ આજે તેમની સ્થિતિનો સ્વીકાર કરી પોતાનો જ એક ભાગ માની નવા દાખલા બેસાડી રહ્યા છે. જે પ્રભાત માટે પ્રોત્સાહનરૂપ બની રહ્યા છે.*

## પ્રભાતના પરિવારનો મેળવડો અને નવરાત્રીની રમઝટ

દરેક તહેવારને બાળક મનભરીને માણી શકે અને તેની ખાસિયતોને સમજી શકે તે ઉદેશ્યથી પ્રભાતમાં બાળક સાથે પ્રવૃતિઓ કરવામાં આવે છે. જેમ કે, નવરાત્રી સમયે કાંકરિયા શાળા નંબર -૪ના રિસોર્સ રૂમના બાળકોને ક્રાફટવર્કમાં નવરાત્રિના કાર્ડ, આર્ટવર્કમાં બો- હેયર એસેસરીઝ, ઉન, રીબિન્સ, મોતી વગેરેના ઉપયોગ દ્વારા બનાવતા શીખવવામાં આવ્યું. આ ઉપરાંત બેરલ માર્કેટના બાળકો નવરાત્રીને મન ભરીને માણી. અહી બાળકો શીખવાની સાથે તહેવારની મજા પણ માણે છે. આ પદ્ધિતએ સંસ્થાને અનેક હકારાત્મક પરિણામો અપાવ્યા છે.





હમેશની જેમ પ્રભાતમાં આ વર્ષે પણ સમુદાય સાથે નવરાત્રીનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં દરેક સેન્ટરના બાળકો અને તેના પરિવારના સભ્યો હોંશભેર આવ્યા હતા. મન મુકીને રમવું, મજા કરવી, એક બીજાને મળવાની આ ક્ષણ આત્મીય હતી. આ ઉપરાંત સાથે ભોજન લઈને દરેક છુટા પડયા હતા. આ પ્રકારના પ્રસંગોથી સમુદાય સાથે પ્રભાતના સંબંધો વધુ મજબુત બન્યા હતા. તેથી જ આ એક પ્રભાતની પરંપરા બની ગઈ છે. વાલીઓ પણ આ દિવસની આતુરતાથી રાહ જોતા હોય છે.



## નવી આશા, સ્નેહ, સાહસ અને સમતાભરી દિવાળીની આનંદમય ઉજવણી

સમાવેશી સમુદાયની સફરના સાથીઓ, શુભેચ્છકોને આભાર કહેવાનો અવસર એટલે 'દિવાળી'. બે મહિના પહેલેથી જ પ્રભાતના દરેક સેન્ટરના પ્રાંગણમાં માટીના કોડિયા નજરે ચડે. બાળકો, વાલીઓ, સ્વયંસેવક, પ્રભાતના કાર્યકર્તા દરેકે દરેક આ કૃતજ્ઞતાના ભાવ સાથે માટીના કોડિયાની સજાવટ કરે. એક કોડિયું કેટલીય વ્યક્તિના હાથની હુંફ અને સ્નેહ સાથે તૈયાર થાય છે. વળી અન્ય શાળાના બાળકો પણ હોંશે હોંશે જોડાય છે. આ વર્ષે પણ એ ભાવ સાથે દિવાળીની ઉજવણીની શરૂઆત આ સુશોભિત દિવડાઓ આપીને કરવામાં આવી. પ્રભાત દિવાળીની પહેલા આ સુશોભિત દિવડાઓ શુભેચ્છકો સુધી પહોચાડે છે. જે રીતે પ્રભાતના બાળકોના જીવનમાં અજવાળું પાથરવામાં તેઓ નિમિત બન્યા છે તેવા જ અજવાળાં એમના જીવનમાં પણ પથરાય એ શુભેચ્છા એમાં રહેલી હોય છે.

માટીના કોડિયાને સુશોભિત કરવાની પ્રક્રિયા








દરેક સેન્ટર પર બાળકોને સ્વાદિષ્ટ ભોજન, પસંદની રમતો, ફટાકડા અને વિવિધ ભેંટો સાથે દિવાળીની હોંશભેર ઉજવણી કરવામાં આવી. આ સાથે દરેક બાળકને આવનાર વર્ષમાં મીઠાશ રહે એના પ્રતીક સ્વરૂપે મીઠાઈ આપવામાં આવી.



હોમ બેઝના બાળકો સાથે દિવાળીની ઉજવણી



નવા વર્ષ નિમિતે મીઠાઈનું વિતરણ...





બેરલ માર્કેટના બાળકો રંગોળી બનાવતા.

આંગણવાડીના નાના ભૂલકાઓ સાથે દિવાળીની ઉજવણી...



## સહાયક સેવાઓ

મેડીકલ સર્ટીફીકેટ -02, રેલ્વે પાસ માટેના ફોર્મ -03, સ્ટેટ ટ્રાન્સપોર્ટ માટેના ઓનલાઈન પાસના ફોર્મ -04, પેન્શન માટેના ફોર્મ -04 , માટે પ્રક્રિયા કરવામાં આવી.